જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૮/૯/૨૦૧૪ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૨૮૬/૧૪**

સને ૨૦૧૨ થી ચોરીના ગુન્હાના વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચના ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓની સુચના અનવ્યે તથા પો.ઇન્સ શ્રી જે.એચ.સરવૈયા નાઓની સુચનાથી પોલીસ સબ ઇન્સ શ્રી એલ.ડી.વાઘેલા નાઓ તેમની ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવણી સારૂ પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા નારણપુરા એ.ઇ.સી. ઓવરબ્રીજ નીચે આવતાં સાથેના હેડ.કોન્સ ભગવાનભાઇ મસાભાઇ તથા હેડ.કોન્સ કિરીટસિહ હરીસિહ નાઓને મળેલ બાતમી આધારે વસઇ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૪૦/૧૨ ઇ.પી.કો. કલમ ૪૪૭, ૩૭૯, ૧૧૪, કામે નહી પકડાયેલ નાસતો ફરતો આરોપી દિનેશ નાનુરામ મીણાં (ફેરા) ઉ.વ.૨૫ રહે, એ.ઇ.સી. ઓવરબ્રીજ ના છેડા પાસે રબારીવાસ નારણપુરા અમદાવાદ મુળ ગામ દેવલ પાલ તા.જી. ડુંગરપુર રાજસ્થાન નાને પકડી પાડવામાં આવેલ છે.

ઉપરોકત આરોપીએ પોતાના ગામ તથા ગામ નજીકના ઇસમો સાથે અગાઉ સને ૨૦૧૨ માં અમદાવાદ શહેર તથા આજુબાજુના ગામડા વિસ્તારમાં પાર્ટી પ્લોટ તથા ખુલ્લા ગોડાઉનમાંથી તપેલા/વાસણ ચોરી તથા કેબલ વાયર ચોરી તથા ભંગાર ચોરીના ઘણાં ગુન્હા કરેલ છે. જેથી મજકુર ને ઉપરોકત ગુન્હાના કામે અટક કરી વધુ ગુન્હા અંગે તપાસ જારી રાખેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.